**માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫**
**ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે મહેકમ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વહસ–૧૦૦૫–૨૨૪૧–આરટીઆઈ સેલ–ભાગ–૧,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ– ૨૭–૦૯–૨૦૦૭

***વંચાણમાં લીધા:–***

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૫–૧૦–૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: વહસ–૧૦૦૫–૨૨૪૧–આર.ટી.આઈ. સેલ.
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૪–૧૧–૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: વહસ–૧૦૦૫–૨૨૪૧–આર.ટી.આઈ. સેલ.
(૩) ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરનો તા.૨૧–૧૨–૨૦૦૬નો પત્ર ક્રમાંક: GIC-ADM-SEC-NO.565-06-07.
(૪) નાણા વિભાગનું તા.૨૦–૦૯–૨૦૦૭નું મેમોરેન્ડમ ક્રમાંક: CNF-1107-334-K.

**આ મુ ખ :**

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક–(૧) અને (૨) ઉપરના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫–૧૦–૨૦૦૫ અને તા.૨૪–૧૧–૨૦૦૫ના ઠરાવથી ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે જરૂરી મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. આ મંજૂર થયેલ જગ્યાઓ ઉપરાંત વધારાનું મહેકમ મંજૂર કરવા અંગેની વંચાણમાં લીધેલ ક્રમાંક–(૩) ઉપરની ગુજરાત માહિતી આયોગની તા.૨૧–૧૨–૨૦૦૬ની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માહિતી આયોગની કામગીરીની અગત્યતા અને તેના બહોળા વ્યાપને લક્ષમાં લેતાં ઉપર વંચાણમાં લીધેલ તા.૦૫–૧૦–૦૫ અને તા.૨૪–૧૧–૦૫ના ઠરાવથી મંજૂર થયેલ મહેકમ ઉપરાંત ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની કચેરી માટે નીચે દર્શાવ્યા મુજબની જુદા જુદા સંવર્ગની વધારાની કુલ–૩૫ નવી જગ્યાઓ તેની સામે દર્શાવેલ ભરતી પધ્ધતિ મુજબ ભરવાની શરતે આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનું નામ | પગાર ધોરણ | મંજૂર થયેલ જગ્યાની સંખ્યા | જગ્યા ભરવાની પધ્ધતિ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| (૧) | રાજ્ય માહિતી કમિશનર | રૂા.૨૬૦૦૦/– ફીકસ પગાર. | ૨ | આર.ટી.આઈ. એકટ, ૨૦૦૫ની કલમ–૧૫(૩) હેઠળ રાજ્ય સરકાર ધ્વારા રચાયેલ સમિતિની ભલામણ મુજબ. |

| | | | | |
|---|---|---|---|---|
| (૨) | નાયબ સચિવ (ઉપસચિવ કક્ષાના) | રૂ.૮૫૦૦–૧૪૦૦૦ | ૧ | સચિવાલયમાંથી પ્રતિનિયુક્તિથી |
| (૩) | સેકશન અધિકારી | રૂ.૬૫૦૦–૧૦૫૦૦ | ૨ | સચિવાલયમાંથી પ્રતિનિયુક્તિથી |
| (૪) | કાયદા અધિકારી | રૂ.૬૫૦૦–૧૦૫૦૦ | ૩ | સચિવાલયમાંથી પ્રતિનિયુક્તિથી |
| (૫) | સીસ્ટમ એન્જીનીયર | રૂ.૧૦૦૦૦/– ફીકસ પગાર. | ૨ | આ સાથેના પરિશિષ્ટ–૧માં જણાવેલ બોલીઓ અને શરતોને અધિન આઉટ સોર્સીંગથી. |
| (૬) | જાહેર સંપર્ક અધિકારી | રૂ.૬૫૦૦–૧૦૫૦૦ | ૧ | પ્રતિનિયુક્તિથી |
| (૭) | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | રૂ.૬૫૦૦–૧૦૫૦૦ | ૩ | પ્રતિનિયુક્તિથી |
| (૮) | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | રૂ.૫૫૦૦–૯૦૦૦ | ૩ | સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧–૧૨– ૨૦૦૫ના પરિપત્ર ક્રમાંક: આરઈએમ–૧૦૨૦૦૦–યુઓઆર–૮૨–ગ.૨ ની જોગવાઈઓ મુજબ. |
| (૯) | નાયબ સેકશન અધિકારી | રૂ.૫૫૦૦–૯૦૦૦ | ૩ | સચિવાલયમાંથી પ્રતિનિયુક્તિથી |
| (૧૦) | કેશીયર | રૂ.૪૦૦૦–૬૦૦૦ | ૧ | પ્રતિનિયુક્તિથી |
| (૧૧) | કલાર્ક | રૂ.૩૦૫૦–૪૫૯૦ | ૪ | આ જગ્યા પ્રથમ ફાજલ સેલમાંથી, વિકલ્પે પ્રતિનિયુક્તિથી ભરવાની રહેશે. |
| (૧૨) | ડેટા ઓપરેટર | રૂ.૨૫૦૦/– ફીકસ પગાર. | ૪ | આ સાથેના પરિશિષ્ટ–૧માં જણાવેલ બોલીઓ અને શરતોને આધિન આઉટ સોર્સીંગથી. |
| (૧૩) | ડ્રાઈવર | રૂ.૩૦૫૦–૪૫૯૦ | ૨ | આ જગ્યા પ્રથમ પ્રતિનિયુક્તિથી, વિકલ્પે ફાજલ સેલમાંથી ફાજલ ડ્રાઈવરથી ભરવાની રહેશે. |
| (૧૪) | પટાવાળા | રૂ.૧૫૦૦/– ફીકસ પગાર. | ૪ | સા.વ.વિભાગનો તા.૩૦–૧૧–૦૬નો ઠરાવ ક્રમાંક: મકમ–૨૦૦૪–૨૫૩૯–ખ.૩ ધ્યાને લઈ, આ જગ્યાની કામગીરી રૂ.૧૫૦૦/–થી વધે નહી તે રીતે આઉટ સોર્સીંગથી કરાવવાની રહેશે. |
| | | **કુલઃ–** | **૩૫ (પાંત્રીસ)** | |

૨. ઉકત મંજૂર થયેલ જગ્યાઓ ભરવા માટે ઉકત પત્રકના કોલમ નં.૫ માં જે પધ્ધતિઓ દર્શાવાઈ છે, તે માટે સરકારશ્રીની પ્રવર્તમાન પધ્ધતિઓના નિયમો સાથે સુસંગત રહીને કાર્યવાહી કરવાની રહેશે.

૩. ઉકત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી આઉટ સોર્સીંગથી ભરવાની થતી જગ્યાઓ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ બોલીઓ અને શરતોને અધિન રહીને ભરવાની રહેશે.

૪. ઉકત મંજૂર થયેલ કુલ–૩૫ જગ્યાના મહેકમ ભથ્થા વિષયક ખર્ચ માટે ચાર માસના ખર્ચના અંદાજે રૂ.૨૦.૯૩ લાખ તથા આ મંજૂર થયેલ મહેકમ માટે ફર્નીચર, કોમ્પ્યુટર, પ્રીન્ટર તથા અન્ય આનુષાંગિક ખર્ચ માટે રૂ.૨૦.૫૦ લાખ એમ કુલ રૂ.૪૧.૪૩ લાખની પેશગી આકસ્મિક નિધિમાંથી ઉપાડવાની મંજૂરી ઉપર વંચાણમાં લીધેલ નાણા વિભાગના તા.૨૦–૦૯–૨૦૦૭ના મેમોરેન્ડમથી આપવામાં આવેલ છે.

આ અંગેના દરેક બીલ / વાઉચર ઉપર મથાળે લાલ શાહીથી 'આકસ્મિક ખર્ચ નિધિ' એવો શબ્દ લખવાનો રહેશે.

૫. આકસ્મિક નિધિમાંથી મંજૂર કરેલ રૂ.૪૧.૪૩ લાખની રકમનો ઉપાડ **મુખ્ય સદર "૮૦૦૦"** ખાતે જ થાય અને એ.જી.ની કચેરી ખાતે આ ખર્ચ **મુખ્ય સદર "૮૦૦૦"** ખાતે ઉધારવાનો રહેશે. આ અંગેની કાળજી ઉપાડ અને ચૂકવણી અધિકારી, સામાન્ય વહીવટ વિભાગે લેવાની રહેશે.

૬. આ અંગેનો ખર્ચ માગણી ક્રમાંકઃ ૩૫, મુખ્ય સદર–૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ–૮૦૦–અન્ય ખર્ચ–(૦૨)–ગુજરાત માહિતી આયોગ (મતપાત્ર) (આયોજન બહાર) હેઠળ ચાલુ વર્ષ સન ૨૦૦૭–૦૮ આકસ્મિક નિધિમાંથી તા.૨૦–૦૯–૦૭ના નાણા વિભાગના મેમોરેન્ડમ ક્રમાંકઃ સીએનએફ–૧૧૦૭–૩૩૪–ક થી રૂ.૪૧.૪૩ લાખની મળેલ મંજૂરીમાંથી મેળવવાનો રહેશે.

૭. આ ઠરાવ સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર અગ્ર સચિવશ્રી (ખર્ચ) / નાણા વિભાગની તા.૦૫–૦૬–૨૦૦૭ની નોંધથી મળેલ મંજૂરી તથા ખર્ચ અગ્રતા સમિતિની તા.૧૨–૦૯–૨૦૦૭ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**આર.વી. સુથાર**
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- ➢ માનનીય રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટ, માન.મંત્રીશ્રી કાયદો, ન્યાયતંત્ર, આ.પ.ક., વૈ. અને સં.બા. સ્વૈ.સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજ.પ્રભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (વસુતાપ્ર), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, ક–શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, ગ.૨, ખ.૧ અને ખ.૩ શાખાઓ.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેટક ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ

---

➢ પત્ર ધ્વારા